સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

અહીં, ઘોડા કરતાં, ગધેડાં વધારે છે નગરમાં..
આંખ મીંચી અનુસરે, ઘેટાં વધારે છે નગરમાં
સચિવાલય-રણમાં ચાલે ઊંચી ડોકે સાઠ ઉંટો-
સજ્જનો કરતાં અહીં પશુ વધારે છે નગરમાં..
(પશુઓની 'ગણના' થઇ!)

હાઈકુ

સેવા સમેટો,
રથયાત્રા એટલે -
લોક સંપર્ક!!

ભંગાય ગોળ
સીટની કૂલડીમાં..
ક્લીન્-ચીટનો..

ચિંતન

દારેષુ કિંચિત્સ્વજનેષુ કિંચિ દ્રોગ્ધ્યં વયસ્યેષુ સુતેષુ કિંચિત્ ।
યુક્તં ન વા યુક્તમિદં વિચિન્ત્ય વદેદ્વિષ શિન્મહતો અનુરોધાત્ ॥

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :-

'સ્ત્રીઓ વિષે, સ્વજનો વિશે, મિત્રો અને પુત્રો બાબતે જે કંઇ ગુપ્ત રાખવા જેવી બાબત હોય તે ગુપ્ત જ રાખવી એવો વડીલોનો અભિપ્રાય છે અને એવી જ રીતે બુદ્ધિશાળી માણસોનો પણ અભિપ્રાય છે કે શું અને કેટલું કહેવું એનો પૂર્વ વિચાર કરીને જ માણસે બોલવું જોઇએ.'

કેટલાંક લોકોનો પોતાના સ્વભાવ અને જીભ પર પોતાનો કાબૂ હોતો નથી. પેટનો ઉભરો જ્યાં-ત્યાં ઠાલવ્યા કરતાં હોય છે. ઘરનાં વડીલની જવાબદારી ઘરનું ઢાંકણ બની રહેવાની છે, ઘરનો મોભ ઘરની આબરૂ સાચવે, ઘજાગરા તો ન જ ઉડાડે, એક એ પણ સત્ય છે ઘરમાં બધાના સ્વભાવ સરલ નથી હોતા કે ન્યાયી પણ નથી હોતા કોઇ નિખાલસ સત્ય કહેનારાં હોય છાની છૂરી... તેમાં પણ 'સિરિયલ' નાં સ્ત્રી પાત્રોએ તો ભોળી સરસ સ્વભાવ સ્ત્રીના વિચારો-સ્વભાવ-આંખમાં ઝેર-ઇર્ષા-વહેમ-શંકાના સાપોલિયાં રમતાં કરી દીધાં છે. ઘરનાં લોકોના સ્વભાવ, વર્તન અને રહેણી-કરણીની ટેવોનાં નગારાં જાહેરમાં ન પીટાય, એ તો ઢાંકપિછોડો કરી સહન કર્યે જ છૂટકો.. આવો બુદ્ધિશાળી - વડીલોની સામાન્ય નીતિ છે.

સુવિચાર

- જેટલું અધિક અધ્યયન, એટલું જ અધિક જ્ઞાન - વોલ્ટેર
- ઇશ્વરનો ડર એ જ્ઞાનનું પ્રથમ ચરણ છે - બાઇબલ
- જ્ઞાન તો કૂવા જેવું છે, તમારું મગજ નાની ડોલ જેવું છે, તમે એટલું જ પ્રાપ્ત કરી શકો છો જેટલી તમારી ગ્રહણશક્તિ છે - ડો. હરદયાલ
- જ્ઞાન સ્વયં એક શક્તિ છે, સર્વથી શ્રેષ્ઠ તો છે જ - ડાયોજેનીશ
- જે અન્યને જાણે તે શિક્ષિત છે પણ જે સ્વયંને જાણે તે જ્ઞાની છે - લાઓત્સે
- કેટલીક બાબતોનું અપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા કરતાં અજ્ઞાન રહેવું સારું!- નિત્સે
- બધામાંથી સારતત્ત્વની પ્રાપ્તિ એ જ જ્ઞાનનું રહસ્ય છે - વિવેકાનંદ

બોધકથા

આજે તો અધ્યાત્મ ક્ષેત્રે જાદુ, ચમત્કાર, પરચા-ગુલાલ કાઢવા, ભસ્મ કાઢવી, હવાથી વસ્તુઓ લાવવી, ખીલા પર સૂવું, એક પગે ઉભા રહેવું, ખાડામાં પૂરાઇ જવું.. આવા અનેક 'ધ્યાન' દોરવાના નુસખાં પ્રચલિત છે. ધ્યાન-યોગથી કદાચ આવી સિદ્ધિ મળતી હશે! પણ એનું મૂલ્ય અધ્યાત્મમાં કંઇ જ નથી. માત્ર પોતાના 'આત્મા' ને જન્મફેરામાંથી મુક્તિ મળે તો બસ, આજે પણ અનેક સિધ્ધ-મહાત્માઓ ગુફાઓમાં હજારો વર્ષોથી આ ધ્યેય માટે જ બેઠા છે કોઇ પ્રદર્શન કરતા નથી.

સંત હસને પાણી પર ચાલવાની સિધ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. સંત રાબિયા પાસે આવ્યા અને કહ્યું આવો, આપણે આ નદીનાં પ્રવાહ પર બેસી ધર્મ-ચર્ચા કરીએ મારી પાસે એવો મસલ્લો સિધ્ધ કરેલો છે કે આપણે બંને તેના પર બેસીશું છતાં તરતો રહે છે.

સંત રાબિયા એ પોતે બેઠેલાં એ આસન પર જગ્યા કરી સંત હસનને કહ્યું એના કરતાં તમે જ આ આસન પર આવી જાવ! આ આસન સાથે આપણે આકાશમાં ઉડ્ડયન કરતાં કરતાં ચર્ચા કરીશું!

સંત હસન, રાબિયાજીનો હેતુ જાણી ગયા અને પોતાની સિધ્ધિના અભિમાનથી શરમિંદા થઇ ગયા તેથી તેમની નજર ઝૂકી ગઇ..

રાબિયા ફરી બોલ્યા, ભાઇ પાણી પર તો માછલી પણ તરી શકે છે અને માખી જેવું પામર જંતુ હવામાં ઉડે છે એવી સિધ્ધિઓનો શું અર્થ? સાચી સિધ્ધિ ખૂદાને પ્રાપ્ત કરવામાં જ છે.

ન્યાયતંત્રનું ગૌરવ જળવાવવું જોઇએ

તંત્રી સ્થાનેથી...

ગુજરાત હાઈકોર્ટમાં બે ન્યાયમૂર્તિઓ ઉપર ચંપલ ફેંકાયા અને તે પણ એક જ દિવસે. આ સમાચાર કોઈ પણ નાગરિકને વખોડવા લાયક લાગ્યા છે. ન્યાયમૂર્તિ ઉપર ચંપલ ફેંકવાની આ પ્રકારની ઘૃણાસ્પદ ઘટના ચિંતાજનક છે. ન્યાયતંત્રની ગરિમા જાળવવાની વાત ભારતીય બંધારણમાં સ્વીકારાયી છે. પ્રજાસત્તાક ભારતમાં સંસદ, ન્યાયતંત્ર અને કારોબારીને સમકક્ષ ગણ્યા છે. કાયદા ઘડવાનું કામ સંસદ કરે. કાયદાના અમલનું કામ કારોબારી એટલે કે મંત્રીમંડળ કરે. કાયદાને ઘડવામાં અથવા અમલમાં રહેલી ક્ષતિનો નિર્દેશ કરવાનું કામ ન્યાયતંત્ર કરે છે. દેશનાં તમામ નાગરિકોને કાયદાથી રક્ષણ આપવાની ન્યાયતંત્રની કામગીરી છે. સાથોસાથ આપણા સામાજિક વાતાવરણમાં પણ કોર્ટને આદરનું સ્થાન અપાયું છે, અને એટલે જ 'નામદાર ન્યાયમૂર્તિ' એ સંબોધન થાય છે. ગુજરાતના ઈતિહાસમાં બનેલી આ પહેલી ઘટના એ સમગ્ર ન્યાયતંત્રમાં ખળભળાટ મચાવ્યો છે. ટોક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટના પાછળના આક્રોશને પણ સમજવો જરૂરી છે.

સમગ્ર દેશના ન્યાયતંત્ર પાસે ન્યાય માટે કરોડો કેસ પડતર છે. હાઈકોર્ટ અને ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં પણ કેસોનાં ઢગલાં આજ પ્રમાણે પડતર છે. ન્યાય માટે વર્ષો વીતી જાય છે. મુદ્દત ઉપર મુદ્દતો પડે. ક્યારેય તો જીવનની સ્થિતિ બદલાઈ જાય, ક્યારેક પેઢી બદલાઈ જાય ત્યારે કેસ ચાલવા ઉપર આવે છે. એટલે જ કહેવાયું છે કે વિલંબિત ન્યાય એ અન્યાયનું બીજું નામ છે. ન્યાયતંત્રમાં પણ ઘણો બધો વિકાસ થયો છે. સાંજની અદાલતો પણ થઈ છે. પરંતુ પડતર કેસોના પ્રમાણમાં હજુ પણ પુનઃ વિચારણાને અવકાશ છે. અમદાવાદમાં હાઈકોર્ટમાં બનેલી ચંપલ ફેંકવાની ઘટનામાં ઘટનાના બે ગામડિયા પક્ષકારોએ ખોટું જ કર્યું છે. શિક્ષાપાત્ર કૃત્ય છે. વખોડવા લાયક ઘટના છે. પરંતુ એ ઘટનામાં પડઘાતો વિલંબિત ન્યાય સામેના રોષ અંગે સત્તાતંત્ર અને ન્યાતતંત્રનું ગૌરવ જળવાય એ દરેક ભારતીયની ફરજ છે. સાથોસાથ સમયસર સૌને ન્યાય મળે તેની કાળજી લેવાની સત્તાતંત્રની જવાબદારી છે.

ફોર ભગતસિંઘ, ફોર હન્ડ્રેડ એન્ડ ફોર પેજીસ

ઘ કૉફી હાઉસ
- ઉત્સવ પરમાર

શહીદ-એ-આઝમ સરદાર ભગતસિંહ... જેની જિંદગીનાં ૨૩ વર્ષો હિન્દુસ્તાનની તવારિખનાં સૌથી રોચક અને જિંદાદિલ વર્ષો રહ્યાં... એ જ ભગતસિંહ જેણે બ્રિટીશ હકૂમતનાં દિલોમાં દહેશત પેદા કરી નાખી હતી, અને એ જ ભગતસિંહ જે તત્કાલિન મુખ્ય રાજકીય પ્રવાહનાં ચહેરાઓએ આતંકવાદી ગણાવ્યો હતો કેમ કે, આઝાદી માટે તેમનો રસ્તો અહિંસાથી જુદો હતો... પરંતુ શું ભગતસિંહ ખરેખર એક દહેશતગર્દ હતા કે પછી જવાનીનાં જોશમાં આવીને ક્રાંતિ કરવા નીકળેલા સરફરોશ નૌજવાન...? ઇતિહાસનાં જૂના પાનાઓમાંથી સવાલો ઊઠે છે અને જવાબ આપી રહી છે... ભગતસિંહની જેલ નૉટબુક!

એ નૉટબુક જે ભગતસિંહે ૧૯૨૯થી ૧૯૩૧ ની વચ્ચેનાં સમયગાળામાં લખી હતી... જેમાં ભગતસિંહની વાચન અને વિચારયાત્રા દરમિયાન ઉમેટલાં વિચારો - નૉટ્સ અને અવતરણો છે... ૧૭.૫૦ x ૨૧ સે.મી જેટલી સામાન્ય સ્કૂલ નૉટબુકની સાઇઝ ધરાવતી આ નૉટબુક જેલવાસ દરમિયાન ભગતસિંહની માંગણી પર નિયુક્ત જેલ અધિકારી દ્વારા આપવામાં આવી હતી અને જેનાં પહેલાં પાનાં પર લખ્યું હતું, "ફૉર, ભગતસિંહ ફૉર હન્ડ્રેડ ઍન્ડ ફૉર પેજીસ" **(404 Pages)** અને તારીખ હતી ૧૨ સપ્ટેમ્બર ૧૯૨૯, નીચે ભગતસિંહનાં બે સં પૂરા અને બે લઘુ હસ્તાક્ષર છે...

... આ જેલ ડાયરી કે જેલ નૉટબુકમાં એક ક્રાંતિકારી - એક નૌજવાન ક્રાંતિકારીની ભીંતરમાં તોફાનો - વ્યવસ્થા પરનું વ્યાપક અધ્યાપન - ઇન્કલાબી ખ્યાલો અને દેશ માટેનાં જઝબાતો ધડકે છે... ૪૦૪ પાનાની નૉટબુકનાં ૧૪૫ પાનાઓ પર... જેમાં પર ભગતસિંહનાં અમર હસ્તાક્ષરો છે...

પાન નં. ૨

જમીનનાં માપ

જર્મન ૨૦ ફેક્ટર = ૫૦ એકર અર્થાત ૧ હેક્ટર = ૨ ½ એકર આ ભગતસિંહ દ્વારા નૉટ કયારેય સૌથી પ્રથમ માહિતી છે. જેમાં એકર અને હેક્ટર વચ્ચેની તુલના છે... અને પછી નૉટબુક આગળ વધે છે... અને દુનિયાભરનાં વિચારકોનાં અવતરણો ઊતરતા જાય છે... ફ્રેડરીક અંગેલ્સ, લુઈસ મોર્ગન, બટ્રાન્ટ રસેલ, આર્થર જેમ્સ, હેનરી કૅમ્પબેલ, બૈનરમેન, થૉમસ પૅન, પેટ્રીક હૅનરી, રૉબર્ટ જી. ઈંગલસૉલ, માર્ક ટ્વેઈન, અપ્ટન સિંક્લયેર, રિચર્ડ જેફરીઝ, પેટ્રીક મેકગિલ, હોરેલ ગ્રીલ, કૉન્કો હોશી, જેમ્સ લૉવેલ, ટૉમસ ગ્રે, જૉન સ્ટુઅર્ટ મિલ, મૅક્સિમ ગૉર્કી, વૉલ્ટ વ્હિટમેન, વિન્ડેલ ફિલિપ્સ, હૅનરિક ઈબ્સન, યુજીન ડેબ્સ, ફ્રાંસ્યા મેરી ચાર્લ્સ, ફૂરિયે, ફ્રેડરીક હેરીસન, થૉમસ જેફરસન, વિલિયમ વર્ડઝવર્થ, લૉર્ડ ટૅનિસન, હર્બર્ટ સ્પેન્સર, આર.ડબલ્યુ. ઈમર્સન, લેનિન, કાર્લ માર્કસ, ત્રોત્સકી, દોસ્તોવોસ્કી, રુસો... એ કેટલાક નામો છે. જેનાં અવતરણો નૉટબુકમાં છે... અમેરીકન, રશિયન અને ફ્રેન્ચ વિચારકો - લેખકો - કવિઓ - નાટ્યકારોનાં નામોની ઝલક વધુ છે... આ ભગતસિંહનાં વિશાળ વાંચનના વ્યાપનો નાનકડો જ હિસ્સો છે...

પાના નં.૧૭ પર માર્ક ટ્વેનનું વિધાન લખ્યું છે...

"મોતની સજાને આપણે ભયંકર માનીએ છીએ પરંતુ મૃત્યુની એ ભયંકરતા આપણને દેખાતી જે ગરીબી અને અત્યાચાર દ્વારા એક વ્યાપક આબાદી પર થોપવામાં આવી છે..."

પાના નં.૨૦ પર લખ્યું છે.

"ધરતી પર ભીખ આપનાર કરતા ઘૃણાસ્પદ આદમી બીજો કોઇ નથી અને એનાથી પણ ઘૃણાસ્પદ બીજો કોઇ નથી અને એનાથી પણ ઘૃણાસ્પદ એ છે જે એ ભીખનો સ્વીકાર કરે છે..."

- મેક્સિમ ગોર્કી

પાન નં. ૨૪ પર વિલિયમ્સ વર્ડઝવર્થની કવિતા છે. મુક્તિ યુધ્ધ... જેનાં શબ્દોમાં આવામ્નની તાકત છુપાયેલી છે... ૨૭ નંબરના પૃષ્ઠ પર ઉર્દૂમાં લખેલા ત્રણ શે'ર છે...

દિલ દે તૂ ઇસ મિજાજ કા પરવર દિગાર દે
જો ગમ કી ઘડી કો ભી ખુશી સે ગુજાર દે

●●●

સજા કર મય્યત-એ-ઉમ્મીદ નાકામી કે ફૂલોસે
કિસી હમદર્દ ને રખ દી મેરે ટૂટે હૂએ દિલ મેં

●●●

છેડ ના એ ફરિસ્તે! તૂ ઝિકે ગમે-જાનાં
કયો યાદ દિલાતે હો ભૂલા હુઆ અફસાના

ક્રાંતિકારીનાં વિચારોનું તાપમાન ધબકી રહ્યું હતું અને જેલની તંગ દિવાલો વચ્ચે 'કૈદી' નામની કવિતા ૩૦ નંબરનાં પાના પર...

ઘુટન હોતી હૈ ઇસ નીચી, ગંદી છત કે નીચે
નિયુક્તિ જા રહી હૈ મેરી તાકત સાલ-દર-સાલ
ઉત્પીડિત કરતે હૈ મુઝે - યહ પથરીલા ફર્સ
યહ લોહ જંજીરો સે બંધી મેજ
યર ખાટ, યહ કુર્સી, બંધી હુઈ ઝંઝીર સે
દિવારો કે સાથ, તાબૂત કે પથરો કી ભાંતિ
ઇસ ચિરસ્થાયી, મૂક, મૂર્દા ખામોશી મેં
ખુદ કો બસ એક લાશ હી સમજા
જા સકતા હૈ

(નિકોલાઈ મોરોઝોવ)

(અનુસંધાન પાના નં. ૭ પર)

તેમના વડીલો પાસે કેટલી સંપત્તિ હશે તે તો શી ખબર, પણ કોણ પણ નબીરો પૈસા ખરચવામાં ક્યારેય પાછી પાની કરતો નથી

નબીરાઓ
એક વ્યંગ લેખ
- અનંત વ્યાસ

વાત તો રાજાશાહીના જમાનાની છે. ભાવનગરના મહારાજાશ્રી મહુવાની મુલાકાતે પધારેલા. એ વખતે ભાવનગર રાજયમાં પ્રશ્નોરા - જ્ઞાતિના અમલદારો હતા. મહારાજાએ એક શાળાની મુલાકાત લીધી. એક બાળકને પૂછયું. બોલ બેટા - ભાવનગરમાં કોનું રાજય છે. બાળકે જવાબ દીધો, 'પ્રશ્નોરાઓનું' મહારાજ તો જવાબ સાંભળી હસ્યા. પણ આ પ્રશ્ન આજે આપણે પૂછીએ કે કહો, ગાંધીનગરમાં કોનું રાજય ચાલે છે? તો જવાબ શું મળે? 'નરેન્દ્ર મોદીનું' જો હા... તો તમારો જવાબ ખોટો છે. ગાંધીનગર તો રાજય ચલાવે છે નબીરાઓ.

તમને થાય કે આ નબીરા વળી કોણ છે... પણ એ જાણવા જેવી પ્રજાતિ છે. પ્રાચીન સમયમાં આપણે ત્યાં યક્ષો, ગંધર્વો, કિન્નરો તથા રાક્ષસો - જેવી જાતિઓ હતી. આજના યુગની નવી પ્રજાતિઓ છે. 'નેતા નબીરા' ને 'મોટા માથાં.' પ્રાચીન જાતિઓને દરેકને પોતાની આગવી ઓળખ હતી. જેમ કે, રાક્ષસો ક્રૂર હતા. યક્ષો ધનવાન હતા. ગંધર્વો ગાનતાનમાં નિપુર્ણ હતા. તેમ આજની આ પ્રજાતિઓ પણ વિશિષ્ટ લક્ષણો અવશ્ય ધરાવે છે. તેઓને ઓળખવા માટે કદાચ થોડું માર્ગદર્શન મળે. બાકી નબીરાઓને ઓળખવા એ પરમાત્માને ઓળખવા જેવું અઘરું છે. પ્રથમ તો આ નબીરાને સરકારના કોઈ પણ કાયદા નડતા નથી. આર.ટી.ઓ. એ ભલેને શહેરો માટે સ્પીડ લિમીટ બાંધી હોય. પણ તમારી બાજુમાંથી ૧૦૦ કિ.મી. ની ઝડપે ધૂમ સ્ટાઈલે બાઈક પસાર થાય તો સમજવું કે ચલાવનાર નબીરો છે. રાહદારી માટે બનાવેલી ફૂટપાથ પર નિરાંતે સ્કૂટર દોડવતા અને રાહદારીઓને નીચે રસ્તા પર ચાલવાની ફરજ આ નબીરાઓ પાડે છે. કોઈ વડીલ જો કંઈ કહેવા પ્રયત્ન કરે તો જવાબ મળે - 'રસ્તો તમારા બાપનો છે?' લ્યો કરો વાત... અને કોઈ સિનિયર સીટીજનને કે કોઈ મહિલાને ધક્કો મારી. કોઈ મહાન પરાક્રમી જેમ હસતાં હસતાં ચાલતું થવું એ તો ભાઈ નબીરાઓનું જ કામ...

આ નબીરાઓ વિશે સંશોધન કરતાં એવું જાણવા મળ્યું કે ભગવાન શ્રીરામે તથા કૃષ્ણે રાક્ષસોને તથા અધર્મીઓને માર્યા. પણ તેમાંથી કેટલાકજીવો ગતિ ન પામ્યા. તેઓએ ભગવાનને પ્રાર્થના કરી. 'પ્રભો, અમારે પૃથ્વી પર વધારે પરાક્રમો કરવાની ઈચ્છે છે.' ત્યારે પ્રભુએ તેઓનો વરદાન આપેલું, 'જાઓ - તમો સો એકવીસમી સદીમાં ગુજરાત - પ્રદેશમાં - પોલીસકર્મીઓનાં સંતાનો તરીકે - અથવા તો કોઈ નેતાઓના સાળા - બનેવી તરીકે તો કોઈ સારી લાગવગ ધરાવનાર ધનિકોનાં સંતાનો તરીકે અવતાર ધારણ કરશો.' એ વખતે તમો 'નબીરા' તરીકે ઓળખાશો. ખાશ કરીને તો વર્તમાન - પત્રો, તમોને તે નામે જ ઓળખાવશે.

ગાંધીનગરની શાક-માર્કીટમાં ખરીદી કરનાર ડરતો રહે છે. શાકવાળા છેતરે છે તે માટે નહીં અહીં એ બાબતમાં લોકો પ્રમાણિક છે... પણ ડર લાગે છે. એક બાજુ આખલાઓનો. ને બીજી બાજુ આ નબીરાઓનો... જો બેમાંથી કોઈની ઝપટે ચડ્યા તો હાથ-પગ ભાંગવાનો વારો આવે. 'ઘ' રોડ તથા 'ચ' રોડ પર ચાલતા ચાલતા પણ આવો આંતર ડર ડોકિયાં કરતો રહે છે.

બાગ-બગીચામાં આ લોકોનું નિષ્કંટક રાજય હોય છે. એ તો ઠીક પણ ઘણીવાર રસ્તા - વચ્ચોવચ્ચ બે ચાર નબીરાઓ બાઈક પર બેસી એવી વાતોને ટોળટપ્પાએ ચડ્યા હોય છે કે જાણે અન્ય ટ્રાફિક છે જ નહીં. પગે ચાલનારાનાં દૂરથી જ તરી જાય. પણ અન્ય ગાડીવાળા પણ હૉર્ન માર્યા વિના ગાડી તારવી લે છે. હૉર્ન મારે ને આ લોકોની વાતોમાં ભંગ પડે તો કોણ જાણે શું થાય. કાયદો તો તેઓનાં હાથમાં જ હોય છે. આ લોકોને નથી કામ કરવાનું કે નથી કમાવા જવાનું પૈસા ઉડાડી વટ પાડવાનું એક - માત્ર લક્ષ્ય હોય છે. તેમના વડીલો પાસે કેટલી સંપત્તિ હશે તે તો શી ખબર. પણ કોણ પણ નબીરો પૈસા ખરચવામાં ક્યારેય પાછી પાની કરતો નથી. ગુટખા ચાવતાં ચાવતાં જ્યાં ત્યાં પીચકારી મારવી. લોકોના કપડાં બગડે તો હસવું... આવતા-જતાંની હલકી મશ્કરી કરવી એ તો આ લોકોના કાર્યક્ષેત્ર છે. દરેક નબીરો આ બાબતમાં પારંગતતા મેળવવા પ્રયત્નો કરતો હોય છે. નબીરાના પૂર્વ-જન્મની વાત પર તમને શંકા આવશે પરંતુ નબીરાઓ પોતાના પૂર્વ-જન્મની કેટલીક વિશેષતા ધરાવે છે. જેમ કે, એ લોકો અદૃશ્ય થઈ શકે છે. દાખલા તરીકે માનો કે કોઈ નબીરાએ ગુનો કર્યો. ને પોલીસ તેને પકડવા જાય. તો એ અદૃશ્ય થઈ જાય. સાવ સામા ઊભા હોય તોય પોલીસને એ દેખાય જ નહીં ને... પોલીસ પણ બિચારી શું કરે..? વીલે મોઢે પાછી ફરે...

રાક્ષસો લડાઈનાં મેદાનમાં ઊંચે ઊડતા આપણને ટી.વી.માં આવાં દૃશ્યો જોવા મળે છે. પણ એ તો કૅમેરાની કરામત. બાકી આ નબીરાઓ તો જરૂર ઊડી પણ શકે છે. પોલીસને પૂછો તો કહે, શું કરીએ. એ તો 'ફરાર... થઈ ગયા...' ને માત્ર ને માત્ર ખેચરી વિદ્યાનાં જ જાણકાર ન માનશો, એ ધારે તો પાતાળમાં પ્રવેશી જાય. તે માટે એ વિદ્યા પણ સુલભ છે. ભૂગર્ભમાં ઊતરી ગયા પછી કોણ પકડવાનું. કહો હવે તેના પૂર્વ-જન્મની વાતમાં તથ્યાંશ છે ને?

આવા શક્તિશાળી નબીરાઓને ભગવાને એક વધારાનું વરદાન પણ આપ્યું છે. 'હવે કોઈનો પણ નાસ કરવા હું અવતાર નથી લેવાનો...' બસ પછી તેઓને કોનો ડર...

ગાંધીનગરમાં નબીરાઓનો મોકળું મેદાન મળી જાય છે. સાંજ પડે તેઓની ગાડીઓ દોડતી થઈ જાય છે ને તેમની ગાડીને કોઈથી ઑવર-ટેઈક તો કરાય જ નહીં.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧૩મી એપ્રિલ અમેરિકાના યશસ્વી પ્રમુખ ટોમસ જેફરસન

અમેરિકાના સ્વાતંત્ર્યના જાહેરનામા ઘડવૈયા અને યશસ્વી પ્રમુખ જેફરસનનો જન્મ તા. ૧૩-૪-૧૭૪૩. વર્જિનિયા યુનિવર્સિટીના સ્થાપક, 'સમરી વ્યુ ઓફ ધી રાઇટ્સ ઓફ બ્રિટીશ અમેરિકા' ગ્રંથના લેખક, જેફરસન પોતાના સાતત્યપૂર્ણ કાર્યોથી હંમેશાં લોકપ્રિય રહ્યા છે. તા. ૪-૭-૧૮૨૬ માં તેમનું અવસાન થયું. તેમની પ્રતિભા વર્જિનિયામાં ઊભી કરાઇ છે.

- ૧૩મી એપ્રિલ ૧૯૧૯ જલિયાવાલા બાગમાં જનરલ ડાયરે હત્યાકાંડ સરજ્યો. ૩૩૭ માણસ ૪૦ બાળકો સહિત મૃત્યુ પામ્યા.
- ૧૯૮૪માં ભારતીય રાકેશ શર્મા અંતરિક્ષમાં ગયા.
- સુરતમાં મેટ્રિકની પરીક્ષા શરૂ થઇ ત્યારથી ઘણાં વરસો સુધી પરીક્ષાર્થીઓને મફત દૂધ પાવાની વ્યવસ્થા કરનારા દાનવીર ગંગાદાસ ભરતિયાનું ૧૯૨૬ માં અવસાન થયું.
- ૧૯૭૩માં જાણીતા અભિનેત્રી બલરાજ સહાનીનું અવસાન થયું.

સમાજના આંગણમાં આકાર લેતી અલગારી સમસ્યાઓનો અંત ક્યારે આવશે?

વાત છે - સામાજિક કુરિવાજો, સામાજિક મનુષ્ય અને સામાજિક પ્રેમની

અસમંજસ
- જનક પટેલ

સંકુચિત સમાજ અને સમાજવાદીઓના કુરિવાજો અને ચીલાચાલુ રીતરિવાજોને કારણે ઈશ્વરના સ્વરૂપ સમાન પવિત્ર પ્રેમનું અસ્તિત્વ નેસ્તનાબુદ થવા જઈ રહ્યું છે. પાખંડી પ્રેમ અને પરાકાષ્ઠા પાર કરી ચૂક્યો છે અને અખંડ પ્રિતનો અંત આવી રહ્યો છે. પ્રેમ પ્રકરણની ખૂંખાર ઘટનાઓ જબરદસ્ત આકાર લેતી જાય છે. તેની પાછળનાં કારણો ક્યાંથી ઉદ્‌ભવે છે. તે જાળવું અતિ મુશ્કેલ છે. તેમ છતાં સચોટ નિરીક્ષણથી તે જાણી શકાય છે. કોણ જવાબદાર છે તે માટે? ક્યાં વસ્યા છે એ સૌદાગરો? - જે પ્રેમીઓના દિલના સૌદા કરે છે. પ્રેમીને આત્મહત્યા માટે વિવશ કરે છે! એ સમાજ માટે આપણે એક પાટીદાર સમાજનું ઉદાહરણ લેવું પડશે. જે મોટાભાગનાં સમાજને લાગુ પડે છે. પાટીદાર સમાજના એક વિસ્તારમાં લગ્નનાં મામલે ઘણા મતભેદો ઊભા થયા છે. છોકરાઓની સાપેક્ષમાં કન્યાઓની ઉણપ વર્તાય છે - તેવું જાણવા મળ્યું છે. તે વાત મર્યાદીત સમાજ માટે વ્યાજબી છે. પણ સર્વ સમાજ માટે યોગ્ય નથી. એક મર્યાદીત સમાજમાં જ્યારે કન્યાઓની ખોટ વર્તાય છે ત્યારે સમાજવાદીઓ અને સમાજપંચના ઠેકેદારો જાતે નિયમ બનાવે છે કે, 'છોકરો, બહારના કોઈ પણ સમાજની છોકરી સાથે લગ્ન કરે છે - તેની સામે સમાજ કોઈ વાંધો ઉઠાવશે નહીં. પણ જો મૂળ સમાજમાંથી કોઈ વ્યક્તિ પોતાની દીકરીને બહાર પરણાવશે તે વાતનો સમાજ સ્વીકાર કરશે નહીં અને તેને સમાજમાં દંડ ભરવાનો રહેશે.' આ રિવાજ જેટલા અંશે સાચો છે? આવા તો ઘણા નિયમો સંકુચિત સમાજમાં ઘડાયેલા છે - જેની સીધી અસર મધ્યમવર્ગના કુટુંબો અને સાચો લવ કરતા પ્રેમીઓને થાય છે. સમાજપંચનાં પાંચ આગેવાનો પણ હવે નિષ્ઠાવાન રહ્યા નથી. મોટા ઘરનાં ધનવાન લોકો દંડ ભરીને પણ પોતાની દીકરીને મરજી મુજબ જ્યાં ઈચ્છે ત્યાં પરણાવી દે છે - પણ મધ્યમવર્ગ કે ખેડૂત વર્ગનો માણસ શું કરશે? તેની કોઈને દરકાર નથી. ધનવાન નબીરાઓ જ સમાજપંચની ગાદી પર બેસી સામાજિક પ્રશ્નોનો આડેધડ ન્યાય લાવે છે. જેમાં ઘણાં વિર્દોષ યુગલોનો હરાહર અન્યાય થાય છે કારણ કે આ પંચમાં સરકારના કોઈ નિયમ આડે આવતા નથી.

પંચના સભ્યો ફાગવતી પ્રશ્નોની કાગડોળે વાટ જોઈને બેસી રહે છે. સફેદ ધોતીની બખોલમાં રૂપિયાની લેવડદેવડ થાય છે અને નાણાંને આધારે દંપતી યુગલોની થોડી કડવાશમાં પાછલી બારીએ ઝેર ભરી છૂટા પાડવામાં આવે છે. જેના કારણે લગ્ન કે છોકરીના અસ્તિત્વનું મહત્ત્વ હણાયું છે. ઘણા સમાજમાં એક છોકરીના સમપદીના સાતફેરાને બદલે સાત વખત લગ્ન પણ થયેલો છે. જેની પાછળ પરિવાર, માતા-પિતા, સમાજ જવાબદાર છે. પછી ક્યાંથી પ્રેમની સાચી વ્યાખ્યા જળવાઈ રહે! સમાજના જ પ્રેમીયુગલને લગ્નની મંજૂરી ન મળતાં ભાગી છૂટે છે - ત્યારે તેઓ યુગલને શોધીને તે પરિવારને દંડ ફટકારવામાં આવે છે. અને તે પ્રેમની વચ્ચે લોખંડની દિવાલ ચણી દેવામાં આવે છે. પ્રેમીઓ એકબીજાને મળી શકતાં નથી. છેવટે મોક્ષ અને મોતનો શૉર્ટકટ અપનાવે છે. આત્મહત્યા કરે છે. જ્યારે બહારના સમાજની છોકરી સમાજમાં પરણીને આવે ત્યારે તેનું હોંશભેર સ્વાગત કરવામાં આવે છે. સ્ત્રીની પવિત્રતાનું કોઈ મૂલ્ય જ રહ્યું નથી. જાણે સ્ત્રી લગ્ન કરવા માટે જ ના સર્જાઈ હોય તેવું લાગે છે. પુત્ર કે પુત્રી જન્મ પછી માતા-પિતાને તરત જ તેના લગ્નની ચિંતા સતાવવા માંડે છે. તેની કારકિર્દીની કોઈને ચિંતા નથી. સંકુચિત સમાજની સમસ્યા સમજવા માટે હું એક આંખોદેખી ઘટનાની વાત કરવા ઈચ્છું છું. વાત છે - સત્તાવીસ કડવા પાટીદાર સમાજના એક સામાજિક યુવાનની.

ગાંધીનગરમાં હોસ્ટેલ ચલાવતા એક તરુણ યુવાનનું નામ હરેશ પટેલ છે. તેની ઉંમર ચોવીસ વર્ષની છે. એના તરછોડાયેલા અને તૂટેલા દિલ; તથા એની આજુબાજુ ઘેરાયેલા સમાજના કવચને સમજવા તેના ભૂતકાળમાં જવું પડશે. થોડા સમય પહેલાં તેની મુલાકાત એના સમાજની છોકરી રાગિણી સામે થઈ હતી. રાગિણી કૉલેજમાં અભ્યાસ કરતી હતી. બંનેની ઉંમરમાં જાજો ફરક ન્હોતો. બંનેની ઉંમર લગ્નની ચરમસીમા પર હતી. બંને વચ્ચે સારી મિત્રતા બંધાઈ. હરેશના મનમાં એમ હતું કે જો કદાચ! રાગિણી મને પસંદ કરશે અને મારા જીવનને સમજશે તો અમારાં લગ્ન જરૂર થશે કારણ કે અમારા બંનેનો સમાજ એક જ છે.

હરેશનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ સફેદ ચાંદની જેવું હતું. તેનું દિલ સાફ હતું. મન મેલું ન્હોતું. તે પ્રેમની ભાષા પણ જાણતો હતો. મહેનતુ અને કર્તવ્યશીલ હતો. અને જોતજોતામાં એના ઓછા બોલા અને ભોળા સ્વભાવે રાગિણીનાં દિલમાં સ્થાન મેળવી લીધું. રાગિણી અને હરેશ વચ્ચે પ્રેમની કુંપળો વધવા લાગી. પ્રેમાલાપના પાઠો શરૂ થયાં. બંને એકબીજાને સારી રીતે સમજવા લાગ્યાં. સાથે હરવા-ફરવાં લાગ્યાં. ફોટા પડાવવા લાગ્યા. હૉટેલમાં એકબીજાના હાથથી પંજાબી ખાણું ખવડાવવા લાગ્યાં. રેસ્ટોરાંમાં ચા-કૉફીની ચૂસકીઓ ભરવા લાગ્યાં. બંનેના દિલો વચ્ચે પ્રેમનો સેતુ બંધાઇ ચૂક્યો. પણ એના પાયામાં ક્યારે ભૂકંપ આવશે એની જાણ એ પ્રેમીયુગલને ન્હોતી. મસ્તીની મિઝાલમાં ઘણો સમય વીતી ચૂક્યો. બંનેના ઘરે એમના છૂપારૂસ્તમ પ્રેમની વાતોની જાણ થઈ ગઈ. હરેશનાં પરિવારના સભ્યો રાજી હતાં. રાગિણીના ઘરે પણ એની માતા અને નાનાભાઈને કાંઈ વાંધો ન્હોતો, પિતાજીને આ વાતની જાણ